# ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ

મધ્યસ્થ કચેરી, મધ્યસ્થ યંત્રાલય કમ્પાઉન્ડ,

નરોડા પાટીયા, અમદાવાદ

---

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ ધ્વારા નીચે જણાવેલ જગ્યા માટે ઉમેદવારો પસંદ કરવા માટે ઓન લાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવાર http://ojas.guj.nic.in પર તારીખ ૩૦/૧૦/૨૦૧૩ થી તારીખ ૨૯/૧૧/૨૦૧૩ સુધી ઓનલાઇન અરજી કરી શકશે. ઉમેદવારે જેમાં photo ૧૦ KB અને signature ૧૦ KB સાઇઝથી વધારે નહિ તે રીતે jpg format માં scan કરી અરજીપત્રકમાં અપલોડ કરવાનો થશે.

**કક્ષાનું નામ -** ડ્રાયવર

**ફીકસ પગાર –** પાંચ વર્ષ માટે રૂ. ૫૩૦૦/-

**કુલ જગ્યાઓ –** હાલ ખાલી રહેલ ૧૨૪૨ જગ્યાઓ તેમજ આગામી ભરતી અંગેની જાહેરાત પ્રસિધ્ધ થાય ત્યાં સુધીમાં અથવા પ્રતિક્ષાયાદી પ્રસિધ્ધ થયા તારીખથી બે વર્ષ પૈકી બેમાંથી જે વહેલુ હોય ત્યાં સુધી નિમણુંક આપવા જેટલી જગ્યાઓ માટે પ્રતિક્ષાયાદી તૈયાર કરવા.

| | કક્ષાવાર જગ્યાઓ | | | | | મહિલાઓ માટે અનામત | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સા.શૈ.પ. વર્ગ | એકસ સર્વિસ મેન | અન્ય | અનુ. જાતિ | અનુ. જનજાતિ | સા.શૈ.પ. વર્ગ | અન્ય | |
| અનામત જગ્યાની સંખ્યા | ૫૪ | ૧૧૬ | ૨૦૯ | ૧૧૦ | ૩૨૦ | ૨૩ | ૪૯ | ૮૯ | ૧૩૬ | ૧૧૦૬ |
| અગાઉની ઘટ | | ૮૬ | | | | | ૫૦ | | | ૧૩૬ |
| **કુલ** | **૫૪** | **૨૦૨** | **૨૦૯** | **૧૧૦** | **૩૨૦** | **૨૩** | **૯૯** | **૮૯** | **૧૩૬** | **૧૨૪૨** |

## શૈક્ષણિક લાયકાત તથા અન્ય વિગત -

| | | |
|---|---|---|
| ૧ | **વીઝન** | ચોખ્ખુ |
| ૨ | **વયમર્યાદા** | ૨૫ થી ૩૩ વર્ષ |
| ૩ | **શૈક્ષણિક લાયકાત** | ધોરણ – ૧૦ પાસ |
| ૪ | **વધારાની લાયકાત** | (૧) ધોરણ – ૧૨ પાસ<br>(૨) સ્નાતક |
| ૫ | **કોમ્પ્યુટરની જાણકારી** | કોમ્પ્યુટરની જાણકારી |
| ૬ | **ઉંચાઇ** | ઓછામાં ઓછી ૧૬૨ સે.મી.<br>(અનુ. જનજાતિના કિસ્સામાં ૧૬૦ સે.મી.) |
| ૭ | **અનુભવ** | હેવી લાયસન્સ પછીનો ડીઝલ સહિતના ભારે વાહન ચલાવવાનો ઓછામા ઓછો ચાર વર્ષનો અનુભવ |
| ૮ | **લાયસન્સ** | પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી તરફથી પબ્લીક વાહન ચલાવવાનું લાયસન્સ તથા બેઝ હોવો જરૂરી છે. |

## ભરતીની પ્રક્રીયા (વેઈટેજની ગણતરી) :- (૫૦ ગુણમાંથી ફાળવણી)

| | |
|---|---|
| ધોરણ – ૧૦ પાસ | ૧૫ ગુણ |
| ધોરણ – ૧૨ પાસ | ૦૫ ગુણ |
| સ્નાતક | ૧૦ ગુણ |
| કોમ્પ્યુટરની જાણકારી | ૦૫ ગુણ |
| **હેવી લાયસન્સ એચ.જી.વી. / એચ.પી.વી. પછીનો ડીઝલ સહિતના ભારે વાહન ચલાવવાનો અનુભવ** | ૧૫ ગુણ<br>મહત્તમ |
| • ૪૮ થી ૬૦ માસ સુધીનો અનુભવ - ૦૦ ગુણ<br>• ૬૦ માસ થી ૮૪ માસ સુધીનો અનુભવ - ૦૫ ગુણ<br>• ૮૪ માસ થી ૯૬ માસનો અનુભવ - ૧૦ ગુણ<br>• ૯૬ માસ કરતા વધારે અનુભવ - ૧૫ ગુણ | |

## અન્ય આવશ્યક સુચનાઓ :

- અરજદારની નિમણુંક ગુ.રા.મા.વા.વ્ય.નિગમના કોઈપણ વિભાગ / એકમ ખાતે કરવામાં આવશે.
- વયમર્યાદા (ઉંમર) નકકી કરવા માટે ઓનલાઈન અરજીપત્રક ભરવાની છેલ્લી તારીખ ૨૯/૧૧/૨૦૧૩ ધ્યાનમાં લેવામાં આવશે.
- જાહેરાતમાં દર્શાવેલ અનામતની જગ્યાઓમાં રોસ્ટર નીતિ અને નિયત ટકાવારી અનુસાર ફેરફાર/ સુધારો કરવાનો હક્ક નિગમને અબાધિત રહેશે.
- અનુ. જાતિ, અનુ. જનજાતિ તથા સા.શૈ.પ. વર્ગના ઉમેદવારોને મહત્તમ વયમર્યાદામાં પાંચ વર્ષની છુટછાટ આપવામાં આવશે.
- મહત્તમ વયમર્યાદામાં બિનઅનામત વર્ગના મહિલા ઉમેદવારોન પાંચ વર્ષ, અનામત વર્ગના મહિલા ઉમેદવારોને ૧૦ વર્ષ (૫ વર્ષ મહિલા + ૫ વર્ષ અનામત) છુટછાટ આપવામાં આવશે.
- મહિલા માટેની અનામત જગ્યાઓ મુજબ મહિલા ઉમેદવારો ઉપલબ્ધ નહી થાય તો આ જગ્યાઓ ઉપર જે તે કેટેગરીના પુરુષ ઉમેદવારોને નિમણુંક આપી શકાશે.
- એકસ સર્વિસમેનની અનામત જગ્યાઓ ઉપર પુરતા ઉમેદવારો મળશે નહીં તો તેટલી જગ્યાઓ જનરલ કેટેગરીના ઉમેદવારોને નિમણુંક આપી શકાશે.
- અનામતવર્ગના ઉમેદવારો જો બિનઅનામત તરીકે અરજી કરશે તો આવા ઉમેદવારોને અનામતનીતિ અંગેના કોઇ લાભ મળશે નહિ.
- અરજદારે ઓનલાઇન અરજીપત્રક ભરતી વખતે  દર્શાવેલ કેટેગરી (જાતિ) માં પાછળથી કેટેગરી (જાતિ) બદલવા / ફેરફાર કરવા કોઇ રજુઆત  કરશે તો તે ગ્રાહ્ય  રાખવામાં આવશે નહિ.

- સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૬/૨/૧૯૯૬ના ઠરાવથી નિયત કરેલ પરિશિષ્ટ ક મુજબનું નોન ક્રીમીલીયર સર્ટીફીકેટ (સને. ૨૦૧૨-૧૩ ના વર્ષની આવક ધ્યાને લઇને) તા. ૧-૪-૨૦૧૩ પછી ઇસ્યુ થયેલ નોન ક્રિમીલીયર સર્ટિ. જ માન્ય ગણવામાં આવશે. નોન ક્રિમીલીયર સર્ટિ. નો નંબર અને તારીખ ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવવાનો રહેશે. અન્યથા આવા ઉમેદવારોને સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગનો લાભ મળવાપાત્ર રહેશે નહિં.
- અરજદારે ઓનલાઇન અરજીપત્રક જ ભરવાનું રહેશે. કોઇ પણ અરજીપત્રકો ટપાલ કે રૂબરૂમાં નિગમની કચેરી અથવા NIC સંસ્થાને મોકલવાના રહેશે નહિ. આવા મોકલી આપેલ અરજીપત્રકો દફતરે કરવામાં આવશે જેની કોઇ જાણ ઉમેદવારને કરવામાં આવશે નહિ.
- પસંદગી પામનાર ઉમેદવારોને ડ્રાયવર કક્ષામાં પાંચ વર્ષ માટે ફીકસ પગારથી નિમણુંક આપવામાં આવશે અને પાંચ વર્ષ દરમ્યાનની સેવાઓ સંતોષકારક રીતે પુર્ણ થયેલ હશે તો જ નિયમિત નિમણુંક આપવામાં આવશે.
- ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં કોઇપણ વિગત ખોટી બતાવેલ હશે તો તેનું ઉમેદવારીપત્રક કોઇ પણ તબક્કે રદ કરવામાં આવશે તથા તેને લાયકી ધોરણ મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી આપોઆપ રદ ગણાશે.
- જો ઉમેદવારે એકથી વધુ અરજીપત્રક ભરેલ હશે તો તેવા ઉમેદવારનું માત્ર પ્રથમ અરજીપત્રક જ વિચારણામાં લેવામાં આવશે અને બાકીના આપોઆપ રદ થયેલા ગણાશે, જે અંગે ઉમેદવાર કોઇ તકરાર ઉપસ્થિત કરી શકશે નહિ.
- સંબંધિત આર.ટી.ઓ. તરફથી હેવી લાયસન્સ એટલે કે એચ.જી.વી. / એચ.પી.વી. લાયસન્સ ઇસ્યુ થયા તારીખ પછીનો દર્શાવેલ અનુભવ માન્ય રહેશે. તે પહેલાનો દર્શાવેલ અનુભવ ગણતરીમાં લેવાનો રહેશે નહિ.

- જે ઉમેદવારો સ્માર્ટ કાર્ડ વાળુ લાયસન્સ ધરાવતા હશે તેઓ ડ્રાઇવીંગ ટેસ્ટને પાત્ર થશે તો તેઓએ લાયસન્સ ઇસ્યુ થયેલ આર.ટી.ઓ. કચેરીનું દર ત્રણ વર્ષે રીન્યુઅલ થયાની તમામ એન્ટ્રીવાળુ ઇન્ફોર્મેશન સર્ટિફીકેટ દસ્તાવેજ ચકાસણી વખતે રજૂ કરવાનું રહેશે.

- હેવી લાયસન્સ મેળવ્યા બાદ દર ત્રણ વર્ષે રીન્યુ થાય છે. જેટલો સમય લાયસન્સ રીન્યુઅલ ડીલે થયેલ હશે તે સમયને બ્રેક તરીકે ગણવાનો રહેશે અને તે સમયગાળો અનુભવમાં દર્શાવવાનો રહેશે નહિ. તેમ છતાં કોઇ ઉમેદવારે રીન્યુઅલ બ્રેક સમયનો અનુભવ દર્શાવેલ હશે તો તે અનુભવના સમયમાંથી બાદ કરવામાં આવશે. તે કારણસર ઉમેદવારોના મેરીટ માર્ક્સમાં ઘટાડો તે ઉમેદવારને બંધનકર્તા રહેશે.

- લાયસન્સ રીન્યુઅલ બ્રેક અનુભવમાંથી બાદ થતાં ઉમેદવારના મેરીટ માર્કસમાં ઘટાડો થવાથી લઘુત્તમ ૨૫ કરતા ઓછા મેરીટ માર્કસ  થશે તો તેવા ઉમેદવાર ડ્રાયવીંગ ટેસ્ટમાં પાસ થયેલ હશે તો પણ નિમણુંક મેળવવા પાત્ર ઠરશે નહિં.

- ડ્રાયવર કક્ષા માટે ૫૦ માર્કસનો ડ્રાયવીંગ ટેસ્ટ લેવામાં આવશે. આ ડ્રાયવીંગ ટેસ્ટ માટે નિગમના નીતિ-નિયમો મુજબ પાત્ર ઉમેદવારોને બોલાવવામાં આવશે. ડ્રાયવીંગ ટેસ્ટમાં પાસ થવા માટે ઓછામાં ઓછા ૩૭ માર્કસ મેળવવાના રહેશે.

- ઓનલાઇન અરજીપત્રકમાં ભરેલ વિગતો અંગેના અસલ પ્રમાણપત્રો ચકાસ્યા બાદ પાત્ર થયેલા ઉમેદવારોના જ ડ્રાયવીંગ ટેસ્ટ લેવામાં આવશે. ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો મુજબના પ્રમાણપત્રો ધરાવતા ન હોય તેવા ઉમેદવારો ડ્રાયવીંગ ટેસ્ટને પાત્ર ઠરશે નહિ.

- ઉમેદવારને કોઇપણ સક્ષમ કોર્ટ ધ્વારા ગુન્હેગાર ઠરાવેલ હોય અથવા તો તેમની સામે કોઇ પણ પોલીસ ઓથોરીટી અથવા ફોજદારી કોર્ટ સમક્ષ કેસ પડતર હશે તો તેવા ઉમેદવારોના અરજીપત્રક ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. જો આવા ઉમેદવાર પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી આપોઆપ રદ ગણાશે.

- ભરતી પ્રક્રીયા દરમ્યાન કોઇ રાજકીય કે અન્ય કોઈ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવારને ગેરલાયક ઠેરવી બાકાત રાખવામાં આવશે.
- નિગમ ધ્વારા યોજેલ આ ભરતી પ્રક્રિયામાં આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણુંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણુંક મેળવવાપાત્ર થશે.
- આ જાહેરાત કોઇપણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો નિગમને સંપુર્ણ હક્ક / અધિકાર રહેશે અને નિગમ આ માટે કારણ આપવા બંધાયેલ નથી.

## **અરજી કરવાની રીત :**

આ જાહેરાતના સંદર્ભમાં નિગમ ધ્વારા ઓનલાઇન અરજી જ સ્વીકારવામાં આવશે. તમો તારીખ ૨૯/૧૧/૨૦૧૩ સુધી (રાત્રિના ૧૧:૫૯ કલાક સુધી) http://ojas.guj.nic.in પર અરજીપત્રક ભરી શકશો. તમોએ (૧) સૌ પ્રથમ http://ojas.guj.nic.in પર જવુ હવે (૨) "Apply Online Click કરવુ. (૩) ડ્રાયવર કક્ષા પર click કરવાથી તે જગ્યાની વિગતો / અન્ય માહિતી મળશે. (૪) તેની નીચે Apply Now પર click કરવાથી Application ના Format ખુલશે જેમાં સૌ પ્રથમ Personal Details તમોએ ભરવી. **(અહિં લાલ ફુંદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજીયાત ભરવાની રહેશે.)** (૫) Personal Details ભરાયા બાદ Minimum Educational Details ભરવા માટે Educational Qualification પર Click કરવું. (૬) વધારાની લાયકાત દર્શાવવા માટે Additional Educational તથા Add More Education ઉપર Click કરીને તેની વિગતો ભરવી. (૭) અનુભવની વિગતમાં એચ.જી.વી. / એચ.પી.વી. ઇસ્યુ થયા તારીખથી જ અનુભવ દર્શાવવાનો રહેશે. તે પહેલાનો દર્શાવેલ અનુભવ ગણતરીમાં લેવામાં આવશે નહિ. **(રીન્યુઅલ સમયે ડીલે થયેલ સમયને બ્રેક તરીકે ગણવાનો રહેશે જે સમયગાળો અનુભવમાં દર્શાવવાનો રહેશે નહિ)** (૮) કોમ્પ્યુટરની જાણકારી માટેની લાયકાત ભરવા માટે Computer knowledge ઉપર Click કરીને તેની વિગતો ભરવી. (૯) તેની નીચે Self declaration પર Click કરો ત્યાર બાદ (૧૦) ઉપરની શરતો સ્વીકારવા માટે "Yes" પર Click કરવું. હવે અરજી પુર્ણ રીતે ભરાઇ ગયેલ છે. (૧૧) હવે Save પર Click કરવાથી તમારી અરજીનો Online સ્વીકાર થશે. (૧૨) અરજી કર્યા બાદ તમારો Application Number Generate થશે. જે તમારે સાચવીને રાખવાનો રહેશે. (૧૩) હવે Upload Photograph પર Click કરો. અહી તમારો Application Number type કરો અને તમારી Birth date type કરો ત્યાર બાદ OK પર Click કરો. અહિં Photo અને Signature Upload કરવાના છે. (Photoનું માપ ૫ સે.મી. ઉંચાઇ અને ૩.૬ સે.મી. પહોળાઇ અને Signatureનું માપ ૨.૫ સે.મી. ઉંચાઇ અને ૭.૫ સે.મી. પહોળાઇ રાખવી.) (Photo અને Signature Upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature jpg format માં (10 KB સાઇઝથી વધારે નહિ તે રીતે) computer માં હોવા જોઇએ.) "Browse" button પર click કરો હવે Choose file ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં jpg format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને select

કરો અને "open" button ને click કરો. હવે તમારો photo દેખાશે. હવે આ જ રીતે signature પણ upload કરવાની રહેશે. (૧૪) હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર click કરો અને Application number તથા birth date ટાઇપ કર્યા બાદ ok પર ક્લિક કરવાથી ૨ બટન (૧) Show application preview અને (૨) Confirm application દેખાશે. ઉમેદવારે show application preview પર click કરી પોતાની અરજી જોઇ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો edit કરી લેવુ. જો અરજી સુધારવાની જરુર ન જણાય તો confirm application પર click કરો તેથી તમારી અરજીનો નિગમમાં online સ્વીકાર થઇ જશે. **(અરજી Confirm કરવી ફરજીયાત છે.)** અહિં **"confirmation number"** generate થશે જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરુરી હોઇ તમારે સાચવવાનો રહેશે. (૧૫) હવે print application પર click કરવું. તમે કરેલ અરજીની જાહેરાત પસંદ કર્યા બાદ તમારો **"confirmation number"** type કરીને જન્મ તારીખ નાંખવાથી print બટન મળશે print બટન પર click કરી અરજીની પ્રિન્ટ કાઢી સાચવી રાખવી.